# મહત્વના મુદ્દાઓ

સમગ્રતયા અસીલને મદદ કરવા માટે અસીલના કુટુંબ સાથે કામ કરવું તે સમગ્ર સારવારનો ખૂબ મહત્ત્વનો હિસ્સો છે. દરદીને અને તેના માતા-પિતાને તેમના બાળકની મુશ્કેલી અંગે સમજ આપવી અને યોગ્ય માર્ગદર્શન આપવું. ઓ.પી.ડી. દ્વારા શિશુ, બાળકો, કિશોરો અને પુખ્તવયની વ્યક્તિઓને સેવા આપવામાં આવે છે.

વધારે પડતી તકલીફ વખતે અને બાહ્ય લક્ષણો ની સારવાર માટે દવાનો ઉપયોગ કરવામાં આવે છે. શિશુ અને બાળકોમાં સંશોધન આધારિત તપાસની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેથી થેરાપી માટે યોગ્ય આયોજન કરી શકાય.

બાળકો, કિશોરો અને પુખ્તવયની વ્યક્તિઓની તેમની જરૂરીયાત મુજબ નીચે મુજબની તપાસ કરવામાં આવે છે. સાઈકોલોજીકલ, ઓક્યુપેશનલ, વાણી અને ભાષા અંગેની સાંભળવા માટેની શૈક્ષણિક અને સાઈકીયાટ્રીક એમ દરેક દરદીને વ્યક્તિગત રીતે સાંભળીને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તેમની તપાસ કરવામાં આવે છે.

ઓ.પી.ડી. ટીમ દ્વારા દરેક દરદીનું અલગ-અલગ તજજ્ઞ દ્વારા નિદાન કરી સારવાર નક્કી કરવામાં આવે છે.




**બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ**

**આશ્રમરોડ, નહેરુબ્રિજ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.**

**ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૫૬-૫૭-૫૮-૫૯**

E-mail : bminstitute.ahm@gmail.com

Website : www. bminstituteofmentalhealth.com


(સ્થાપના વર્ષ : ૧૯૫૧)


# બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ

ઓ.પી.ડી. સંસ્થાનું પ્રવેશદ્વાર છે. સંસ્થામાં સારવાર માટે આવતા અસીલોની નોંધણી સૌ પ્રથમ ઓ.પી.ડી.માં થાય છે અને ત્યારબાદ દરેક અસીલની વિવિધ શાખાના તજજ્ઞ દ્વારા તપાસ કરવામાં આવે છે. આ તપાસ સંસ્થાના અલગ-અલગ આઠ તજજ્ઞો દ્વારા કરીને નિદાન બાદ દરદીની જરૂરિયાત મુજબ તેને ઓ.પી.ડી.ના સ્તરે સારવાર માટે સંસ્થાના સંબંધિત કેન્દ્રમાં સારવાર માટે મોકલવામાં આવે છે.

## ઓ.પી.ડી. હેઠળ નીચે જણાવેલ વિભાગો કાર્યરત છે.

૧. સાઈકીયાટ્રીક (મનોચિકિત્સક)
૨. સાઈકોલોજીસ્ટ (મનોવૈજ્ઞાનિક)
૩. સ્પીચ થેરાપીસ્ટ એન્ડ ઓડીયોલોજીસ્ટ
૪. ઓક્યુપેશનલ થેરાપીસ્ટ
૫. સ્પેશિયલ એજ્યુકેટર (વિશિષ્ટ શિક્ષક)
૬. ડાયેટીશીયન
૭. જીનેટીક કાઉન્સેલર
૮. સાઈકીયાટ્રીક સોશ્યલ વર્કર

# ઓ. પી. ડી.



## :: મલ્ટી ડીસીપ્લીનરી સર્વિસ ::

**(૧) ઓક્યુપેશનલ થેરાપી યુનિટ :-**

ઓક્યુપેશનલ થેરાપી, કોગ્નેટીવ થેરાપી, સેન્સરી ઈન્ટીગ્રેશન થેરાપી, હાથના કાર્યો માટેની થેરાપી, રોજિંદી ક્રિયાઓ માટેની તાલીમ (એ.ડી.એલ.) ન્યુરોડેવલપમેન્ટલ થેરાપી, પ્લે થેરાપી, એડેપ્ટીવ ડીવાઈસ નો ઉપયોગ, એરગોનોમીક સલાહ.

**(૨) સાઈકોલોજીકલ એસેસમેન્ટ અને ઇન્ટરવેન્શન યુનિટ**

મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન, સાઈકો થેરાપી, કાઉન્સલીંગ, બીહેવીયર મોડીફીકેશન, બીહેવીયર થેરાપી, કોગ્નેટીવ સ્ટીમ્યુલેશન થેરાપી.

**(૩) સ્પેશ્યલ / રેમિડીયલ એજ્યુકેશન યુનિટ**

રેમિડીયલ અને સ્પેશિયલ એજ્યુકેશન (સંસ્થામાં અને ઘરે કરાવી શકાય તે રીતે)

**(૪) સ્પીચ અને ઓડીયોલોજી યુનિટ**

વાણી અને ભાષાને પ્રોત્સાહિત કરવી, વાણી અને ભાષાના વિકાસ માટે થેરાપી આપવી, ઉચ્ચારોની અશુદ્ધિ દૂર કરવી અવાજ અંગે થેરાપી આપવી, અચકાવવા માટે થેરાપી આપવી, સાંભળવાની ટ્રેનિંગ, નોર્મલ નોન ફ્લ્યુઅન્સી માટે વાલીને સલાહ સૂચન આપવા.

**(૫) ડાયટ અને ન્યુટરીશન યુનિટ**

ખોરાક અંગે સલાહ સૂચન, જીવન રીતિ અંગે સલાહ સૂચન, વજન ઉતારવા માટે અને ડાયાબિટીસ માટે વિશિષ્ટ ખોરાકની માહિતી આપવી.

**(૬) જીનેટીક કાઉન્સલીંગ**

જીનેટીક કાઉન્સલીંગ અને તે અંગે માર્ગદર્શન

**(૭) આર્ટ બેઝડ થેરાપી**

જુદા જુદા આકારો અને રચનાત્મક પદ્ધતિ દ્વારા માનવનો વિકાસ.

**(૮) ડાન્સ મુવમેન્ટ થેરાપી**

શરીર-મન અને આત્માનો સમન્વય, જાગ્રત અને અજાગ્રત અવસ્થામાં થતી ક્રિયાઓને યોગ્ય દિશા આપવી. વિવિધ શારીરિક ક્રિયાઓનો થેરાપીમાં ઉપયોગ. બૌદ્ધિક, ભાવનાત્મક, શારીરિક અને સામાજીક સ્કીલનો વિકાસ.

## આવનાર દર્દીઓની નીચે જણાવેલ માનસિક અને શારીરિક બીમારીમાં સારવાર કરવામાં આવે છે.

- લર્નીંગ ડીફીકલ્ટી (ભણવામાં પડતી મુશ્કેલીઓ)
- ભણવામાં પાછળ પડવું
- લાગણીના સ્તરે મુશ્કેલી
- ડીપ્રેશન (હતાશા)
- ચિંતા (એન્જાઈટી)
- ધીમો વિકાસ
- બૌદ્ધિક અક્ષમતા
- વાણી અને ભાષાનો ધીમો વિકાસ
- અચકાવવું
- ઉચ્ચારની અશુદ્ધિ
- શારીરિક મુશ્કેલીઓ
- વર્તણૂંકની સમસ્યા
- વીઝીઓમોટર પ્રોસેસીંગ અંગે તકલીફ
- એ.ડી.એચ.ડી. (ચંચળતા)
- ઓટીઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર (સ્વલીનતા)
- સેરીબ્રલ પાલ્સી
- મગજની અકાર્યક્ષમતા અને બીજી મગજને લગતી મુશ્કેલીઓ બાઈપોલર ડીસઓર્ડર, કન્ડક્ટ અને પર્સનાલીટી ડીસઓર્ડર, સ્કીઝોફેનીયા વગેરે.



